dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
December 2011 For private circulation only Vol. 03 - Issue 71

નટવર જેવું સુંદર નામ છે છતાં 'ઉશનસ્' તખલ્લુસ એમણે રાખ્યું, જેનું ઉચ્ચારણ 'ઉહનહ' એમની કવિતાથીય વધુ એમને ચાહનારાઓએ કર્યું ! વાતચીતમાં અને વ્યવહારમાં અત્યંત સરળમધુર એ માણસ કવિતા ઘણી અઘરી લખે. તે સમજાય ન સમજાય તોયે સમસ્ત પ્રજા એ કવિ છે માટે જ એને ચાહે, એને માન આપે.

જ્યોતીન્દ્ર દવે

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

'ઉશનસ્' એટલે નટવરલાલ કુબેરદાસ પંડ્યા, વડોદરા જિલ્લાના સાવલી ગામે ૧૯૨૦માં તેમનો જન્મ થયો. ડભોઈ અને વડોદરા ખાતે અભ્યાસ કર્યો. સંસ્કૃત મુખ્ય વિષય સાથે ૧૯૪૨માં બી.એ. અને ૧૯૪૫માં ગુજરાતી મુખ્ય વિષય સાથે એમ.એ. થઈ આરંભમાં શિક્ષક અને ત્યાર પછી નવસારી કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૫૬માં વલસાડ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા ને બાર વર્ષ પછી આચાર્યપદે નિયુકત થયા. ૧૯૮૦માં શિક્ષણ ક્ષેત્રમાંથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા. પણ સાચો શિક્ષક નિવૃત્ત શાનો થાય ?! વયની મર્યાદા એને શાની નડે?! નિવૃત્ત થયા પછી પણ તેઓ પ્રવૃત્ત રહ્યા. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી પ્રવૃત્ત રહ્યા.

શબ્દના આ ઉપાસકનું પ્રથમ કાવ્ય ૧૯૩૯માં 'કુમાર'માં પ્રસિધ્ધ થયું હતું. ૧૯૩૯થી આરંભાયેલી ઉશનસ્‌ની કાવ્યયાત્રા ૨૦૧૧ સુધી એટલે કે જીવનપર્યંત ચાલી. સાત દાયકા સુધી સાતત્યપૂર્ણ શબ્દસર્જન તેમની કલમે કર્યું. 'પ્રસૂન' (૧૯૫૫), 'નેપથ્યે' (૧૯૫૬), આર્દ્રા' (૧૯૫૯), 'મનોમુદ્રા' (૧૯૬૦), 'તૃણનો ગ્રહ' (૧૯૬૪), 'સ્પંદ અને છંદ' (૧૯૬૮) વગેરે કાવ્યસંગ્રહો, 'રૂપ અને રસ' (૧૯૬૬), 'ઉપસર્ગ' (૧૯૭૩), 'મૂલ્યાંકનો' (૧૯૭૯), વગેરે વિવેચનસંગ્રહો, 'સદ્‌માતાનો ખાંચો' (૧૯૮૮) સ્મૃતિકથા, 'વગડો' (લઘુનવલ) ઉપરાંત હાસ્યલેખોનો ગ્રંથ, પ્રવાસગ્રંથ પણ આપણને એમની કલમ પ્રસાદી સ્વરૂપે પ્રાપ્ત થયાં છે. સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં લખવા છતાં ઉશનસ્‌ની ખરી ઓળખ તો કવિ તરીકેની જ. કવિતામાં ગીતો, મુકતકો, સંવાદકાવ્યો, દીર્ઘકાવ્યો અને સોનેટકાવ્યો એમની પાસેથી મળ્યાં પણ એમાંય એમની ખરી ઓળખ તો સોનેટ કવિ તરીકેની જ . ઉશનસે્ જે સોનેટ કાવ્યો રચ્યાં તે સંખ્યાની દ્રષ્ટિએ અને ગુણવત્તાની દ્રષ્ટિએ એમને પ્રથમ પંકિતના સોનેટ કવિ તરીકે સ્થાપે છે. 'વળાવી બા આવી' ઉશનસ્‌નું પ્રતિનિધિ કાવ્ય ગણાવી શકાય. અત્યંત સંવેદનપટુ કવિ ઉશનસે્ તાજગીસભર ઉન્મેષો પ્રગટાવી તેમની પ્રતિભાનો પરિચય આપ્યો. અસાધારણ કલ્પના શકિત, ઊર્મિ, ચિંતન, તાજાં કલ્પન-પ્રતીકો ...આ બધું કવિના જમા પક્ષે. પ્રેમ અને પ્રકૃતિ કવિના પ્રિય કાવ્ય વિષયો. ઉશનસ્‌ની કવિ પ્રતિભાના પરિચય માટે બંને વિષયોમાંથી આચમન રૂપે એક એક દ્રષ્ટાંત :

"ચહચા સ્હેરાઓની ગણતરીથી માપું મુજ ગતિ,
નથી મારે માટે અવર વળી કો મોક્ષની રીતિ."

---

"તૃણ ભમ્મરીઓ, તૃણ કલ્લોલો, તૃણનાં ઘોડાપૂર !
તૃણ સાગર ઊછળે છે છોળે, તટહીન ગાંડોતૂર! "

કવિ ઉશનસ્‌ને ૧૯૫૯માં કુમારચંદ્રક, ૧૯૬૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૭૧માં નર્મદ સુવર્ણચંદ્રક, ૧૯૭૬માં નાનાલાલ પારિતોષિક, ૧૯૭૭માં શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક, ૨૦૦૦માં ગૌરવ પુરસ્કાર, ૨૦૦૧માં આધકવિ નરસિંહ મહેતા એવોર્ડ, ૨૦૦૬માં દર્શક એવોર્ડ વગેરે પારિતોષિકોથી સન્માનવામાં આવ્યા હતા.

તા. ૨૧-૯-૨૦૧૧ના દિવસે યુનિવર્સિટી સિન્ડિકેટમાં કવિ ઉશનસ્ તથા અભિનયસમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીને ડીલીટની માનદ્ પદવી એનાયત કરવાનો પ્રસ્તાવ રજૂ થયો અને અપેક્ષા હતી તે મુજબ જ સર્વાનુમતે આનંદપૂર્વક તેનો સ્વીકાર કરવામાં આવ્યો. કવિ ઉશનસ્‌ની તબિયત નાદુરસ્ત છે તે જાણી સમગ્ર પ્રક્રિયા ઝડપી બનાવવા નકકી થયું. સમાચારપત્રોમાં આ વિગત પ્રસારિત થઈ. સાહિત્ય જગત-કલાજગત યુનિવર્સિટીના આ નિર્ણયથી ભાવવિભોર થયું. માત્ર દક્ષિણ ગુજરાત નહીં પણ સમગ્ર ગુજરાતમાંથી આ નિર્ણયને ઉષ્માસભર આવકાર મળ્યો અને અભિનંદનોની વર્ષા થઈ. કવિ ઉશનસ્‌ને રૂ-બ-રૂ મળી આ સમાચાર મુખોમુખ આપ્યા ત્યારે એમના ચહેરા પર પ્રસન્નતા પ્રગટી અને આંખોમાં ભીનાશ છલકાઈ. દુર્ભાગ્યે થોડા દિવસોમાં જ તા. ૬-૧૧-૧૧ના રોજ પોતાના શબ્દની કદર થઈ છે એ આત્મસંતોષ સાથે કવિ પરલોકમાં જઈ વસ્યા. સર્જકતાનો ધસમસતો પ્રવાહ અચાનક અદ્રશ્ય થઈ ગયો. ગુજરાતી સાહિત્યના આકાશમાંથી એક તેજસ્વી તારો ખરી પડયો ! તા. ૨ ડિસેમ્બરના દિવસે સેનેટની વિશેષસભા મળી જેમાં સર્વાનુમતે કવિ ઉશનસ્‌ને મરણોત્તર ડીલીટની પદવી એનાયત કરવાનું ઠરાવવામાં આવ્યું છે. શબ્દમાં જ જેઓ જીવ્યા છે તેમને આપણો યુનિવર્સિટી પરિવાર શબ્દાંજલિ ! ભાવાંજલિ !! અર્પણ કરે છે.

૧૫ ડિસેમ્બર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## દાન


અનુભાઈ તેજાણી


જસમતભાઈ વિડિયા


માવજીભાઈ સવાણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને તેના ભાવિ બે પ્રકલ્પો સરસ્વતી કેન્દ્ર અને સ્વામી વિવેકાનંદ કેન્દ્ર માટે શહેરના બે દાતાઓ તરફથી ખૂબ સારી સખાવત પ્રાપ્ત થઈ છે, જેની વિગતો આ મુજબ છે : યુનિવર્સિટીના પ્રવેશ દ્વારે તૈયાર થનાર સરસ્વતી કેન્દ્ર માટે શ્રીમતી વસનબેન અને શ્રી માવજીભાઈ પ્રેમજીભાઈ સવાણી તથા શ્રી ધર્મેન્દ્રભાઈ એમ. સવાણીના સૌજન્યથી લક્ષ્મીબેન પ્રેમજીભાઈ સવાણીની સ્મૃતિમાં રૂા. ૨૧,૦૦,૦૦૦/- (રૂપિયા એકવીસ લાખ) પૂરાનું માતબર દાન પ્રાપ્ત થયું છે. વળી, એજ રીતે તૈયાર થનાર સ્વામી વિવેકાનંદ કેન્દ્ર માટે શ્રીમતી રેખાબેન તથા શ્રી જસમતભાઈ નાનુભાઈ વિડિયા તથા શ્રી અનુભાઈ તેજાણીના સૌજન્યથી ગૌલોકવાસી શાંતાબેન નાનુભાઈ વિડિયાના સ્મર્ણાર્થે રૂા. ૨૧,૦૦,૦૦૦/- (રૂપિયા એકવીસ લાખ) પૂરાનું માતબર દાન પ્રાપ્ત થયું છે.

આ ઉપરાંત યુનિવર્સિટી પરિસરને સુંદર રંગીન ફૂલ છોડ અને વૃક્ષો દ્વારા સુશોભિત કરવાનું અમૂલ્ય કામ રામા ઈન્ટરનેશનલના શ્રી મુરલીમુંદ્રા સ્વખર્ચે કરી રહયા છે.

યુનિવર્સિટી અને કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના રચનાત્મક અભિગમને કારણે સુરત અને આસપાસના દાતાઓ શૈક્ષણિક પ્રવૃત્તિને વેગ આપવા પોતાના તનમન અને ધનથી પ્રવૃત્ત થવા માંડયા છે એ શુભ ચિન્હ છે. આમ, યુનિવર્સિટીના કાર્યોમાં લોકભાગીદારીને કારણે એક વિશિષ્ટ હકારાત્મક વાતાવરણનું સર્જન થયું છે.

## Workshop



The Department of Economics had arranged three days workshop on 'UGC Sponsored Workshop on Risk analysis and Risk management in Financial Markets' during 11-13 November, 2011. The workshop was inaugurated by the Hon'ble Vice-Chancellor of VNSGU Dr. Dakshesh R Thakar and 50 participants from various parts of South Gujarat and also from M S University of Baroda benefited by taking part in the workshop. The workshop dealt with various aspects of risk management and risk analysis. The national stock exchange of India, various resource persons who are experts on this subject make the workshop a grant success. Prof. Subadra Ragothaman, Head, Department of Economics, Dr. S S Rao, and Dr. Gaurang Rami of the same department coordinated the program.



## પ્રતિભાવ

આદરણીય શ્રી દક્ષેશભાઈ ઠાકર

સ્નેહપૂર્વક સંભારું છું.

આપનું દીપાવલી પર્વ નિમિત્તનું શુભેચ્છા-કાર્ડ મળતાં ખૂબ પ્રસન્નતા થઈ. વિશેષ પ્રસન્નતા થઈ. વિશેષ પ્રસન્ન તો એ બાબતે કર્યો કે કાર્ડમાંનું લખાણ અને ચિત્ર-એને સાચવવા મજબૂર કરે તેવું છે. બંને વિદ્યાપુરુષોની અપેક્ષા અને પ્રેરણા હાલના સમયને માટે દિશાદર્શક છે. આ અવતરણોનું ચયન આપના દ્વારા જ થયું હશે એમ માનીને તેને માટે આદરપૂર્વક અભિનંદન પાઠવું છું. કુલપતિને કાંગરે બેઠા તમે છેક દ્વારકાના દરિયાકાંઠે બેઠેલ મિત્રને સંભારો છો તે તમારા સૌજન્યની હાર્દિક કદર કરું છું. આપના માર્ગદર્શનથી નર્મદ યુનિવર્સિટીનું તપ અને તેજ વધે ને વિસ્તરે તેવી કામનાઓ સાથે,

પ્રેમવશ - ઈશ્વર પરમારના નમસ્કાર

## વ્યાખ્યાન

વ્યા તા. ૨૩-૧૧-૧૧ના રોજ એલ.એન.કે. બી.એડ્. કોલેજ, પાટણ ખાતે કોલેજના આચાર્યશ્રી ડૉ. સુકેશ શર્માના અનુરોધથી પ્રશિક્ષણાર્થીઓ માટે "બ્રેઈન સ્ટોર્મીંગ" વિષય પર શિક્ષણ વિભાગના પ્રોફેસર તેમજ સ્વનિર્ભર એમ.એડ્. વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. ઉમ્મેદસિંઘનું વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે "બ્રેઈન સ્ટોર્મીંગ" વિશે વિગતવાર માહિતીસભર વિચારો રજૂ કર્યા હતા. વ્યાખ્યાન અંતર્ગત "અસરકારક અધ્યાયન માટે શિક્ષકની લાક્ષણિકતાઓ" વિષય પર પ્રશિક્ષણાર્થીઓને બ્રેઈન સ્ટોર્મીંગ કરાવ્યું હતું. સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. વ્યાખ્યાનના અંતભાગમાં કેટલીક વ્યવહારું સમસ્યાઓ સંદર્ભે પ્રશિક્ષણાર્થીઓએ બ્રેઈન સ્ટોર્મીંગ કરી તેમના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમની આભારવિધિ ડૉ. સુરેશ પાડવીએ કરી હતી.

વ્યા ગુજરાત રાજયમાં રાજયકક્ષાએ ગણિતવિષયના શિક્ષકો તેમજ ગણિતપ્રેમીઓ દ્વારા રચાયેલ ગુજરાત ગણિત મંડળનું ૪૮મું અધિવેશન તા. ૧૦ થી ૧૨ નવેમ્બર ૨૦૧૧ના રોજ અમરેલી મુકામે યોજાયું હતું આ અધિવેશનમાં યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ. એન.એલ. કલઠીયાના સન્માનમાં વ્યાખ્યાનમાળાની શરૂઆત કરવામાં આવી છે. આ વ્યાખ્યાનમાળામાં ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. હરીશભાઈ ડોકટરને મળેલા આમંત્રણનો સ્વીકાર કરી તેમણે Flow problems thru collection વિષય ઉપર તા. ૧૧-૧૧-૨૦૧૧ના રોજ ૪૫ મિનિટનું વ્યાખ્યાન આપ્યું હતું. વધુમાં ડૉ.એન.એલ. કલઠીયા ૭૫ વર્ષની આયુ પૂર્ણ કર્યાના પ્રસંગે ગુજરાત ગણિત મંડળ તરફથી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. હરીશભાઈ ડોકટરે કલઠીયાના જીવનના યાદગાર પ્રસંગો ટાંકયા હતા. તદ્પરાંત નવયુગ સાયન્સ કોલેજના પ્રા. ડૉ. જયંત કે પટેલે તા. ૧૧-૧૧-૨૦૧૧ના રોજ Fibonacci Sequence વિષય ઉપર ૩૦ મિનિટનું કોલેજકક્ષાએ વ્યાખ્યાન આપ્યું હતું.

## સ્પર્ધા



તીલક મહારાષ્ટ્ર યુનિવર્સિટી, પુણે મુકામે આંતર યુનિવર્સિટી જુડો (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને શ્રી કિરીટ વાસંદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવાઓએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી. યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓના પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ અને મેનેજર તરીકે શ્રી પપ્પુ નિકમ સેવા આપી રહયા છે. જુડો (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : (૧) શ્રી પટેલ રોશન એન., (૨) શ્રી સોલંકી અભિષેક એચ., (૩) શ્રી રાહબન્દ્રીવાલા તોસીફ એ., (૪) શ્રી પવાર યતીન પી., (૫) શ્રી કલસરીયા અમીર બી., (૬) શ્રી કંઠારીયા હેમંત એ., (૭) કુ. ચૌહાન આરતી બી., (૮) કુ. નાયક વૈદિશા આર., (૯) કુ. ગામી સાલવી ડી., (૧૦) કુ. રાવલ દ્રષ્ટી આર.


બરકત્તુલા યુનિવર્સિટી, ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી મુકામે આંતર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ મા. કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણના સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ટાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ શ્રી કેતન પટેલ અને મેનેજર તરીકે શ્રી શિરીષ સોલંકી સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી પટેલ દિવ્યાંગ જી., ૨) શ્રી પટેલ અભિષેક જે., ૩) શ્રી મોરીયા ભારગવ એચ., ૪) શ્રી પટેલ કેયુર જે., ૫) શ્રી પટેલ અભય બી., ૬) શ્રી પટેલ ચિંતન એસ., ૭) શ્રી પ્રજાપતિ જવલંત એન., ૮) શ્રી પટેલ મકબુલ આર., ૯) શ્રી સોલંકી કેતન જે., ૧૦) શ્રી પટેલ સ્મિત પી., ૧૧) શ્રી પટેલ દિવ્યેશ એસ., ૧૨) શ્રી પટેલ હેમીંગ એ., ૧૩) શ્રી ટંડેલ હેમલ બી., ૧૪) શ્રી શેઠ માઝ એમ., ૧૫) શ્રી ક્ષત્રિય રાહુલ એન., ૧૬) શ્રી મિરઝા અબ્દુલ રહેમાન આઈ.

બરકત્તુલા યુનિવર્સિટી, ભોપાલ મુકામે ક્રિકેટ (ભાઈઓ)ની વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ક્રિકેટ (ભાઈઓ)ની ટીમ સને ૧૯૯૩ થી ૨૦૧૧, સતત ૧૮ (અઢાર)મી વખત કવોલીફાઈડ થઈને ઈતિહાસીક સિધ્ધિ પ્રાપ્ત કરી આપણી યુનિવર્સિટીનું નામ સુવર્ણ અક્ષરે લખ્યુ છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સને ૧૯૯૧-૯૨ અને ૧૯૯૪-૯૫માં ક્રિકેટ(ભાઈઓ)ની ટીમ ઓલ ઈન્ડિયા ચેમ્પિયન બની હતી. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી જે.આર.મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન ડૉ. વિનોદ પટેલ



અને સભ્યોએ, સૌએ હાર્દિક અભિનંદન આપી ખેલાડી ભાઈઓને બીરદાવ્યા છે. કવાર્ટર ફાઈનલ રાઉન્ડમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૦ ઓવરમાં ૨૬૯ રન થયા હતા અને શિવાજી યુનિવર્સિટી, કોહલાપુરના ૧૫૭ રનમાં ઓલ આઉટ થયા હતા.

ડૉ. એચ. ગૌર વિશ્વવિદ્યાલયા, સાગર મુકામે આંતર યુનિવર્સિટી હોકી (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા, સિન્ડિકેટ સભ્ય શ્રી દિનેશ દાસા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન શ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓના પરિચય અને આભારવિધિ કરી હતી આ ટીમના કોચ શ્રી ભાવીન પટેલ અને મેનેજર તરીકે શ્રી ધર્મેશ પટેલ સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી આહિર પિંકલ આર., ૨) શ્રી આહિર મનિષ ડી., ૩) શ્રી રાજપૂત જીતેન્દ્ર એલ., ૪) શ્રી રાજપૂત સંદિપ એમ., ૫) શ્રી ભંડારી ભાવેશ એચ., ૬) શ્રી પટેલ દિવ્યેશ એ., ૭) શ્રી તંબોલી નીલ કે., ૮) શ્રી પટેલ બ્રિજેશ એસ., ૯) શ્રી પટેલ ચેતશ પી., ૧૦) શ્રી હદલ વિજય ડી., ૧૧) શ્રી પટેલ પુજન એસ., ૧૨) શ્રી ટંડેલ સંદિપ એન., ૧૩) શ્રી ટંડેલ ચિરાગ કે., ૧૪) શ્રી ટંડેલ સૂર્યાંગ સી., ૧૫) શ્રી પટેલ કિરીટ ટી.



## Foreign Visit

Professor P Bahadur visited St Francis Xaviers University in Canada as James Chair for a month during Diwali vacations for research collaboration and delivered a talk/ held discussions with professors and research scientists. He did research on colloidal and polymer solutions. He with his students at VNSGU has already published 9 research papers in collaboration with the host Canadian professor and his research team.

He also visited Taiwan for a week to participate in two scientific meetings. He attended a workshop on Nanotechnology in Taipei (Taiwan) on 21-22 Nov 2011 and gave an invited talk and chaired a session. Later he attended Asian Conference on Colloids in Tainan (Taiwan) 23-26 Nov 2011 as Advisory committee member. Here too

he delivered an invited talk and chaired a session. The international travel to attend these conferences was granted by the Department of Science and Technology, Govt of India New Delhi and local hospitality in these events were provided by the organisers of the conferences attended by Asian and European scientists.

F ઈન્ડીઅન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સાયન્સ અને એ.આઈ.એસ. સ્ટે. હેલેન્સ, ન્યુઝીલેન્ડ દ્વારા પેનાંગ, મલેશિયા ખાતે આંતરરાષ્ટ્રીય પરિષદ ૯ મી નવેમ્બર થી ૧૧મી નવેમ્બર, ૨૦૧૧ દરમ્યાન યોજવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગનાં એસોસીયેટ પ્રોફેસર ડૉ. કીર્તિબેન ઝાંખરિયા તથા ઉધના સીટીઝન કોલેજ, સુરતનાં આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ધવલ પંડયાએ સંયુકત રીતે "Impact of Human Capital on Financial Capital : A case of Surat City" શીર્ષક તળે શોધપત્ર પ્રસ્તુત કર્યું હતું.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during October 2011 to November 2011.

**APPLIED NUTRITION**

1 Chhaya, Sheetal. **A study on need assessment for developing exclusive breastfeeding advocact in Surat city.** (Dr.S.L. Kantharia), Government Medical College, Surat.

**AQUATIC BIOLOGY**

1 Solanki, Maheshwariben S. **Evaluation of water quality of Tapi with reference to bioindicator species of phytoplankton.**(Dr.Kapila Manoj), Department of Aquatic Biology, VNSGU, Surat.

**BIOSCIENCE (Microbiology)**

1 Bhadalkar, Anand N. **Studies on biogenesis of L-lysine during bacterial utilization of e-caprolactam.**(Dr.P.V.Desai), Department of Bioscience, VNSGU, Surat.

**CHEMISTRY**

1 Parekh, Pareshkumar Y. **Solubilization of some hydrophobic substances in micelles of eo-copolymerics surfactants by different techniques.** (Dr.P.Bahadur), Department of Chemistry, VNSGU, Surat.

2 Patel, Shreyaskumar A. **Synthesis, characterization and biological evaluation of novel analogues of sydnone derivatives.**(Dr.K.C.Patel), Department of Chemistry, VNSGU, Surat.

3 Sharma, Rakesh. **Synthesis and study of some medicinally useful heterocyclic compounds containing puridine-2(1H)-ones.**(Dr.N.B.Patel), Department of Chemistry, VNSGU, Surat.

**COMMERCE**

1 Jariwala, Purnima P. **Buy back of shares in India through open market purchase.**(Dr.M.N.Noronha). S.P.B.E.M.College of Commerce, Surat.

2 Shinde, Sanjaykumar R. **A comparative study of Life Insurance Corporation of India and private life insurance companies in India.** (Dr.M.N.Noronha). S.P.B.E.M.College of Commerce, Surat.

**COMPARATIVE LITERATURE**

1 Naik, Chandrahas N. **Thomas Hardi ane Chunilal Madiya ni navalkathao ma gramya parivesh: Ek vishayvastulakshi tulanatmak abhyas:Vishesh krutio na sandarbh ma.**(Dr.Damyantiben Parmar), Department of Comparative Literature, VNSGU, Surat.

**ECONOMICS**

1 Shah, Hetal S. **Banking policies and practices for home loan: A case study of Surat city.**(Dr.Kirti S. Zankharia), Department of Economics, VNSGU, Surat.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજયુકેશન, ઉમરગામમાં તા. ૧૩ અને ૧૪ ઓકટોબર દરમ્યાન લીંબુ ચમચી, કોતળા કૂદ, સિકકા શોધ, લંગડી દોડ, સોયદોરો, ક્રિકેટ, વોલીબોલ, ગોળાફેંક, ટેબલ ટેનિસ, ચેસ, કેરમ, દોરડા ખેંચ, સંગીત ખુરશી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્પરાંત 'વાત્સલ્યમૂર્તિ મા' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ઈનામ, રૂા. ૭૦૦૦ અને વિજયપદમ, બીજું ઈનામ રૂા. ૩૧૦૦ અને વિજયપદમ, ત્રીજું ઈનામ રૂા. ૧૧૦૦ અને વિજયપદમ રાખવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ યુનિવર્સિટીનો શિક્ષણ વિભાા (એમ.એડ્.)ની વિદ્યાર્થિની આર્કમેન પિનલ આઈ., બીજો-કમલા એજયુકેશન, ખોલવડના વિદ્યાર્થી પટેલ મ. સાલેહ એમ. અને ત્રીજો-નારણલાલા ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશન, નવસારીની વિદ્યાર્થિની ભાવિષા બી. પટેલ વિજયી રહયા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૦-૧૦-૧૧ના રોજ જોડણી શુધ્ધિ સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામા ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સ્પર્ધાનું સંચાલન પ્રો. ડૉ. મીના શાહે કર્યું હતું અને પ્રો. ડૉ. દક્ષા ઠાકોરે એમાં સહયોગ આપ્યો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન આંતર કોલેજ કબડ્ડી 'બી' અને 'ડી' ઝોન સ્પર્ધા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨નું આયોજન શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના યજમાન પદે યોજાઈ સંપન્ન થઈ આ સ્પર્ધામાં દક્ષિણ ગુજરાતની વીસ જેટલી કોલેજોના કબડ્ડીવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વ્યારાની કોલેજ અને પારડીની કોલેજ વિજેતા જાહેર થઈ હતી. જેમાં ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી મહાદેવભાઈ ઉપસ્થિત રહયા હતા. પ્રો. એ.એન. ભટ્ટે પ્રાસંગિક વાતો કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સ્પર્ધાના બંને દિવસો દરમ્યાન મેદાન પર હાજર રહીને વિવિધ કોલેજના પધારેલા શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાઓને આવકારીને સ્પોર્ટસમેનોને સ્પોર્ટસમેનશીપથી રમત રમવા પર ભાર મૂકયો હતો. સ્પર્ધાનું સંચાલન ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રો. ઘનશ્યામ ડી. ટંડેલે કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ તા. ૧૫-૧૧-૨૦૧૧ અને તા. ૧૬-૧૧-૨૦૧૧ના રોજ યોજાયેલ વલસાડ તાલુકા તથા જીલ્લા યુવક મહોત્સવમાં આચાર્ય ડૉ. જે.એમ. નાયકના પ્રોત્સાહન થકી અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા પ્રા. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં કું. હર્ષિદા નીકમ ભજન તથા લોકગીત સ્પર્ધામાં બંને મહોત્સવોમાં પ્રથમ ક્રમે, કુ. સિદ્દીકા કુરેશી નિબંધ લેખન સ્પર્ધામાં બંને મહોત્સવોમાં પ્રથમ ક્રમે તથા એક પાત્રિય અભિનયમાં વલસાડ તાલુકા યુવક મહોત્સવમાં પ્રથમ ક્રમે અને વલસાડ જીલ્લા યુવક મહોત્સવમાં દ્વિતિય ક્રમે, કુ. શૈલી ઉપાધ્યાય વકતૃત્વ સ્પર્ધામાં બંને મહોત્સવોમાં પ્રથમ ક્રમે, શ્રી રોમીન મહેતા હળવું હંઠય સંગીત સ્પર્ધામાં અને કુ. અંજલિ દરજી શીઘ્ર

ચિત્રકલા સ્પર્ધામાં વલસાડ તાલુકા મહોત્સવમાં દ્વિતિય ક્રમે વિજેતા જાહેર થયા છે. વલસાડ જીલ્લા યુવક મહોત્સવમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થનાર કુ. હર્ષિદા નીકમ, કુ. સિધ્દીકા કુરેશી અને કુ. શૈલી ઉપાધ્યાય વડોદરા જીલ્લામાં યોજાનાર કુલ ૧૧ જીલ્લાઓ માટેના વડોદરા પ્રદેશ યુવક મહોત્સવમાં ભજન, લોકગીત, વકતૃત્વ અને નિબંધ લેખન સ્પર્ધા માટે વલસાડ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૦-૧૧-૧૧ના રોજ વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગરના સહયોગ થી GKIQ-2011 આખરી શિષ્યવૃતિ પરીક્ષા યોજવામાં આવી હતી. જે વિદ્યાર્થી ભાઈ-બહેનો આ શિષ્યવૃતિ પરીક્ષાના પ્રથમ તબકકામાં પાસ થયા હતા. તેઓને આ બીજા તબકકાની પરીક્ષામાં બેસવા માટે મંજુરી આપવામાં આવી હતી. આ વલસાડ જિલ્લા કક્ષાના કેન્દ્ર ખાતે વલસાડ જીલ્લાની કુલ ૯૨ જેટલા શાળાના વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃતિ પરીક્ષા આપી હતી. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ પ્રા. વી.આર. ચાંપાનેરી અને પ્રા. એમ.જી. પટેલ સંયુકત રીતે આ પરીક્ષાનું સંચાલન કર્યું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે કાવ્ય પઠન અંગેનું મહત્વ સમજાવીને તાલીમાર્થીઓને કાવ્ય પઠન કેવી રીતે કરવું તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડયું હતું. જેમાં પ્રથમ-શર્મા સીમા, દ્વિતીય-બરોડાવાલા બંકિમ અને તૃતીય-પટેલ રાજેશ્વરી વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. વલ્લભભાઈ ઠંઠ અને પ્રા. દિનેશભાઈ વાઘે ભજવી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ તા. ૧૭/૧૮-૧૦-૧૧ના રોજ રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી ખાતે યોજયેલ જિલ્લકક્ષાના સપ્તધારા મહોત્સવમાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના પ્રોત્સાહન થકી કુલ ૧૨ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં લોકગીત સ્પર્ધામાં કુ. હર્ષિદા નીકમ પ્રથમક્રમે અને કુ. શૈલી ઉપાધ્યાય તૃતીયક્રમે, હળવું કંઠય સંગીત સ્પર્ધામાં કુ. હર્ષિદા નિકમ તૃતીય ક્રમે, એકપાત્રિય અભિનય સ્પર્ધામાં કુ. સિદિ્કા કુરેશી પ્રથમક્રમે, માઈમિંગ સ્પર્ધામાં શ્રી સતેન્દ્ર સિંઘ પ્રથમક્રમે, શીઘ્રવકતૃત્વ સ્પર્ધા કુ. શૈલી ઉપાધ્યાય પ્રથમક્રમે, વકતૃત્વ સ્પર્ધામાં કુ. સિદિ્કા પ્રથમ ક્રમે, કવીઝ સ્પર્ધામાં શ્રી વિપુલ આર્યન અને શ્રી મેહુલ પટેલની ટીમ પ્રથમક્રમે, રંગોળી સ્પર્ધામાં કુ. કોમલ દેસાઈ દ્વિતીયક્રમે, કાર્ટુનિંગ સ્પર્ધામાં કુ. અંજલિ ટેલર પ્રથમક્રમે જાહેર થયા હતા.

'ગુજરાત ખેલ મહાકુંભ ૨૦૧૧' નિમિત્તે નવસારી જીલ્લા કક્ષાની ટેબલ ટેનિસની સ્પર્ધા નવસારી મુકામે યોજાઈ હતી. તેમાં વી.એસ. પટેલ કોલેજના પ્રા. મોહનભાઈ પટેલે ૪૫-૬૦ના વયજૂથમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે.

## એન.એસ.એસ.



રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીનો 'રાષ્ટ્રીય સેવા યોજનાનો' ખાસ શિબિર તા. ૧૭-૧૦-૨૦૧૧થી તા. ૨૩-૧૦-૨૦૧૧ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આશ્રમ શાળા, અંજોટી ગામમાં યોજવામાં આવ્યો. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ રેલી યોજી 'જનજાગૃતિ અભિયાન' શરૂ કર્યું. શ્રમકાર્ય, રંગકામ, બૌદ્ધિક કાર્ય, બાળ તંદુરસ્તી હરિફાઈ યોજી હતી. તબીબી તપાસમાં ૧૦૯ બાળકોએ લાભ લીધો. જેમાં દવા, અલ્પાહાર અને ઈનામ આપવામાં આવ્યા. ચશ્માશિબિરમાં આશ્રમના બાળકો અને ગ્રામજનો સહિત ૮૦ વ્યકિતઓએ લાભ લીધો. શિબિરની મુલાકાતે સાહિત્યકાર ડૉ. મણિલાલ હ. પટેલ, 'રાષ્ટ્રીય સેવા યોજના'ના ઈન્ચાર્જ નિયામકશ્રી માલવિયા તથા આશ્રમશાળા, અંભેટીના સંચાલક શ્રી ડૉ. જયંતીદાદાએ વકતવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીઓએ અંભેટી ગામમાં ગ્રામજનોનો આર્થિક, સામજિક અને કૌટુંબિક સર્વે હાથ ધર્યો હતો. શિબિરના માર્ગદર્શક તરીકે પ્રોગ્રામ ઓફિસર પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈ, પ્રા. હંસાબેન પટેલ, પ્રા. જયાબેન પરમાર રહયા હતા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓનો વાર્ષિક શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ આચાર્ય ડૉ. જે.એમ. નાયકના પ્રમુખપદે વલસાડ તાલુકાના ભૂતસર ગામે યોજાઈ ગયો. આ સમારોહમાં મુખ્ય મહેમાનપદે દોલ-ઉષા ઈન્સ્ટીટયુટના ડાયરેકટર ડૉ. પંકજભાઈ દેસાઈ ઉપસ્થિત રહયા હતા. શિબિરનું ઉદ્‌ઘાટન સરપંચ શ્રીમતિ લલીતાબેન પરમારના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ડૉ. પંકજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે વલસાડની કોમર્સ કોલેજ નિતનવા અભિગમો અપનાવ્યા છે અને સમાજે પણ એની સહર્ષ નોંધ લીધી છે. જીવનમાં ભણતર સાથે ગણતરની જરૂર છે કે જે આવા શિબિરો થકી શકય બને છે. શિબિર ઉદ્‌ઘાટક શ્રીમતિ લલિતાબેને ભૂતસર ગામની સમરસતા અંગેની વાતો રજૂ કરી ગ્રામજનોની સહકારથી થયેલા કામોની વિગત આપી હતી. આ પ્રસંગે ૧૪૨ લાભાર્થીઓને દાતાની સહાયથી ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો ખર્ચ પ્રા. ડૉ. ડી.જી. ઠાકારે, પૂર્વ વિદ્યાર્થી વાહિદ મેમણ દ્વારા આપવામાં આવ્યો. ધરમપુરની શાળાના શિક્ષકશ્રી રમેશભાઈએ ભૂતસર ગામની સાક્ષરતા, આયોગ્ય અને શિક્ષણમાં વલસાડ તાલુકામાં અગ્રક્રમે રહેલ ગામ, ગામની સુવિધાનો ચિતાર આપી શિબિરમાં પૂરેપૂરા સહકારની ખાત્રી આપી હતી. આ પ્રસંગે પ્રા. આઈ.એફ.પટેલ, દૂધ મંડળીના પ્રમુખ શ્રી શંકરભાઈ, શ્રી અમૃતભાઈ, શ્રી છોટુભાઈ વિગેરે ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. પ્રા. ટી.જી. પટેલે આવકાર પ્રવચન, પ્રા. આર.આર. પટેલે મહેમાનોનો પરિચય અને પ્રા. કે.સી. પટેલે આભારવિધિ આટોપી હતી.

શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડનો ખાસ વાર્ષિક શિબિર તા. ૧૭-૧૦ થી ૨૩-૧૦-૧૧ દરમ્યાન સુખેશ ગામમાં યોજાઈ ગયો. આ શિબિરનું ઉદ્‌ઘાટન કરતાં એસ.ટી. નિગમના ડિરેકટરશ્રી ઠાકોરભાઈ પટેલે એસ.ટી.ના હકારાત્મક સુધારાના પ્રયાસ વિષે વાત કરી હતી. શિબિર દરમ્યાન સ્વયંસેવકોએ પ્રભાતફેરી, વ્યાયામ, યોગ, શ્રમકાર્ય, વ્યાખ્યાનો, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, ચશ્મા શિબિર અને ગામનો સર્વે કર્યો હતો. સ્વયંસેવકોએ કપરાડા તાલુકાના પાનસ બોટાનિકલ ગાર્ડનનો પ્રવાસ કરીને ઔષધિય વનસ્પતિઓની માહિતી મેળવી હતી. તદ્‌પરાંત ફલધરા ગામની પણ મુલાકાત લેવામાં આવી હતી. શિબિર દરમ્યાન સુખેશ કોથળ ફળિયા પ્રા.શા. તથા વિવેકાનંદ ઉ.બુ.વિ.ના વિદ્યાર્થીઓની વિવિધ સ્પર્ધાઓ



યોજવામાં આવી હતી. તા. ૨૩-૧૦ના રોજ વાપી હાઈસ્કૂલના શિક્ષકશ્રી અર્જુનભાઈ પટેલના પ્રમુખપદે તથા આદર્શ યુવક મંડળ સુખેશના સ્થાપકશ્રી અમૃતભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યોજાયેલ સમાપન સમારંભમાં સ્પર્ધાના વિજેતાઓને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતાં. શિબિર દરમ્યાન ઈ.ચા.પ્રિ.ડૉ. રશ્મિબેન દેસાઈ, પ્રા. પી.ઝેડ. દેસાઈ તથા કોલેજ પરિવારનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

- રકતદાન કેન્દ્ર વલસાડ આયોજિત રકતદાન મહારેલીમાં આર્ટ્સ કોલેજ, વલસાડ એન.એસ.એસ.ના ૧૦૮ સ્વયં સેવકો તથા પ્રા. ડૉ. એ.બી. પટેલ, પ્રા. બી.સી. સાબલે, પ્રા. ડૉ. કે.બી. પરીખ તથા પ્રા. જે.જે. વશી જોડાયા હતા. જેમાં રકતદાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત વિવિધ વકતાશ્રીઓએ રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું.




- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. વાર્ષિક શિબિરમાં શ્રી રોહિતભાઈ દેસાઈ, પ્રિ. યોગેશભાઈ ભટ્ટ, પ્રિ.ડૉ. હેમાલી દેસાઈ, શ્રી આર.બી. દેસાઈ, એન.એસ.એસ. અધિકારીશ્રી યોગેશભાઈ દેસાઈ, પ્રા. દિપેશભાઈ શાહ, પ્રા. પીન્કી શાહ, વાહીદ મેમણ, પ્રેમલ મહેતા, પ્રા. ભરત રાઠોડ, ડૉ. એન.એમ. વેગડા, પ્રો. જશુભાઈ નાયક, શ્રી આશિષભાઈ પટેલ, પ્રા. ઉષાબેન પટેલ વિગેરેએ શિબિરાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. શિબિર સંચાલકો તરીકે પ્રા. ટી.જી. પટેલ, પ્રા. આર.આર. પટેલ અને પ્રા. કે.સી. પટેલે વકતાઓને આવકારીને પરિચય આપ્યો હતો.

- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ અને ગ્રામ પંચાયત ભૂતસરના સંયુકત ઉપક્રમે એન.એસ.એસ. શિબિર ભૂતસર ગામે સંપન્ન થયો. પૂર્ણાહુતિ શિબિર દરમ્યાન રકતદાન કેન્દ્ર, વલસાડના સહયોગથી યોજાયેલ રકતદાન કેમ્પમાં નવ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ્રિ. ડૉ. જે.એમ. નાયક, લૉ કોલેજના પ્રિ. ડૉ. કે.ટી. દેસાઈ, ધરમપુર હાઈસ્કૂલના શિક્ષકશ્રી રમેશભાઈ પટેલ, પ્રા. આર. આર. પટેલે પ્રસંગોચિત પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે શિબિરાર્થીઓએ પ્રતિભાવ રજૂ કર્યા હતા. શિબિરાર્થીઓને મંચસ્થ મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. કે.સી. પટેલે કર્યું હતું.

- ૧લી ડિસેમ્બર, ૨૦૧૧ વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે સુરત મહાનગપાલિકા, એસ.ટી.ડી. કેર પ્રોજેકટ (આર.સી.એચ.) ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, આઈ.એમ.એ. તથા અમરોલી કોલેજ, સુરતના સંયુકત ઉપક્રમે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં- એઈડ્સ જનજાગૃતિ કેળવવા હેતુસર વિશાળ રેલીમાં-અમરોલી કોલેજ, એન.એસ.એસ.ના કુલ ૧૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વરાછા હેલ્થ સેન્ટરથી આરંભાયેલી આ રેલી માનગઢ ચોક સુધી પહોંચીને બેનર-પોસ્ટર સહિત સૂત્રોચ્ચાર કરી પ્રજામાં એઈડ્સ અંગે જાગૃતિ આવે તે માટે પ્રયાસ કર્યા હતા. વિદ્યાર્થીઓમાં એઈડ્સ માટે જાગૃતિ આવે તે માટે એઈડ્સ વિશેની ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના નેતૃત્વ હેઠળ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર્સ-પ્રા. એન.બી. બારિયા, પ્રા. જીતેન્દ્રભાઈ વછાણી, પ્રા. વિજયભાઈ ચૌધરી તથા પ્રા. ડૉ. ઋજુતા ગાંધીએ કર્યું હતું.



- ગુ.રા.આર.વ્ય.મંડળ, કલેકટર કચેરી, ભરૂચના સહયોગથી જે.એમ. શાહ આર્ટસ-કોમર્સ કોલેજ, જંબુસરના એન.એસ.એસ.- એન.સી.સી.ના પસંદગીના વિદ્યાર્થીઓ માટે આપત્તિ જોખમ વ્યવસ્થાપનનો બે દિવસીય તાલીમવર્ગ યોજાઈ ગયો. જેમાં જિલ્લા પ્રોજેકટ અધિકારીશ્રી ભાવેશભાઈ ગોહિલે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષેના વ્યાખ્યાનમાં પ્રશ્નોત્તરી તેમજ વ્યાવહારિક સમજૂતી આપી હતી. તદ્ઉપરાંત ટેનરશ્રી પ્રજ્ઞેશભાઈ મિસ્ત્રીએ પ્રાથમિક સારવારની તાલીમ વિષે સમજૂતી આપી હતી. તદ્ઉપરાંત તા. ૧-૧૨-૧૧ના રોજ એન.એસ.એસ., એન.સી.સી.ના સહયોગથી વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે આ રોગની જાગૃતિ વિષે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઈ.ચા. પ્રિ. આર.એસ. ક્ષત્રિયે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. પ્રો.ઓ.એમ.કે. શાહે એઈડ્સના લક્ષણો અને ઉપાયો વિષે માહિતી આપી હતી. એન.એસ.એસ.ના પૂર્વ લીડર પરમાર રત્નસિંહે એન.એસ.એસ. દ્વારા થતા એઈડ્સ જાગૃતિ વિષેના કાર્યક્રમોની માહિતી આપી હતી. આ પ્રસંગે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ- સલમાન હશન, દ્વિતીય-દિનેશ પરમાર, ત્રીજો-ભટ્ટ નઈમા રહયા હતા.

## પર્યાવરણ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના યુથ રેડ ક્રોસ યુનિટ દ્વારા 'પર્યાવરણ બચાવો' રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ, બહેનોએ પર્યાવરણ બચાવના બેનરો લઈ સુત્રોચ્ચાર કરી લોકોમાં પર્યાવરણ વિશે જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો. ગુજરાત રાજયની રેડક્રોસ શાખા અને વલસાડ રકતદાન કેન્દ્રના સહયોગથી આ કોલેજમાં છેલ્લા સાત વર્ષથી કાર્યરત યુથ રેડક્રોસનું યુનિટ રેડક્રોસ કાઉન્સેલર પ્રો. રશ્મીબેન પટેલના નેતૃત્વ હેઠળ ખૂબ જ સક્રિય પણે સેવાકીય કાર્યો કરે છે. પ્રો. રશિમબેન પટેલે આ રેલીનું સંચાલન કર્યું હતું.

## મુલાકાત

- શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનના આચાર્યાશ્રી, પ્રાધ્યાપક ગણ તથા તાલીમાર્થીઓએ સુરત મહાનગર પાલિકા દ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આયોજિત પુસ્તકમેળાની મુલાકાત લીધી હતી. તાલીમાર્થીઓમાં વાચનની ટેવ વિકસે તથા ઈતર વાચનનો શોખ કેળવાય તે હેતુથી આ પુસ્તકમેળાની મુલાકાત લેવામાં આવી હતી.



શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. અને કોમર્સ કોલેજ, ભેસ્તાનમાં કુલપતિ શ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર સાથેનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલપતિશ્રીએ તાલીમાર્થીઓને જ્ઞાનની આરાધના કરવા તથા પરિશ્રમથી પોતાના જીવન ધ્યેયો પરિપૂર્ણ કરવા હાકલ કરી પોતાના અનુભવનું ભાથું પીરસ્યું હતું. આ સાથે તેમણે ઉમાશંકર જોશીના શબ્દો - "વર્ગ એ સ્વર્ગ છે." એમ ટાંકીને બી.એડ્.ના તાલીમાર્થીઓને કહ્યું હતું કે આજના શિક્ષકોમાં એટલી તાકાત હોવી જોઈએ કે તે વર્ગની ચાર દીવાલોમાં રહીને સ્વર્ગનું સર્જન કરી શકે. ઈ.આચાર્યા કુ. બીન્નીબેન મહેતાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા કોલેજની સિદ્ધિઓ વર્ણવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. વિશ્વાબેન દેસાઈ અને આભારવિધિ સંજયભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.



## દૂરદર્શન



૨૯-૧૧-૧૧ના રોજ દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ દ્વારા પ્રસારિત થતાં "એક મિનિટ" કાર્યક્રમ માટે અમરોલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓનું શુટિંગ કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## વ્યાખ્યાન

શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામમાં તા. ૩૦-૯-૧૧ના રોજ આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. કિશોરભાઈ આર. નાયકનું 'શિક્ષક સામેના પડકારો' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં વકતાશ્રીએ શિક્ષક ધર્મ અને શ્રેષ્ઠ શિક્ષક વિષે માહિતી આપી હતી. તદ્પરાંત તાલીમાર્થીઓએ વિષયને અનુરૂપ પ્રશ્નોત્તરી પણ કરી હતી.

## ઊજવણી

દિનશાહ દાબુ લો કોલેજ, નવસારીમાં તા. ૩૦-૯-૧૧ના રોજ નવરાત્રિ નિમિત્તે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રો. વાય. જે. ભંડારી તેમજ સાંસ્કૃતિક મંત્રી મયંક સોલંકી દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પ્રાચીન અને અર્વાચીન રીતે ગરબામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. તા. ૨-૧૦-૧૧ ના રોજ ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી તેમજ ફૂલહાર ચઢાવી. આ પ્રસંગે કોલેજના ટ્રસ્ટીશ્રી એ.પી. ફનીબંદા તેમજ સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા.

તા. ૮-૧૦-૧૧ના રોજ નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલમાં નવરાત્રી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં બેસ્ટ ડ્રેસીસમાં પ્રથમ-લુહાર અમીષાબેન દ્વિતીય-પટેલ વૈશાલી એમ. અને પંડયા ધરતીબેન તૃતીય રહયા હતા. જયારે બેસ્ટ એકશનમાં પટેલ વૈશાલી એમ. અને કુવાડિયા મિત્તલબેન પ્રથમ વિજેતા, જયારે પંચાલ નીરાલી દ્વિતીય અને પટેલ શીતલબેન તૃતીય રહયા હતા.

## આરોગ્ય

શ્રી એમ.કે. મહેતા કોલેજ ઓફ એજ્યુકેશન, ઉમરગામમાં શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના નિવૃત્ત પ્રિ. ડૉ.એન.ડી. પટેલના મુખ્ય મહેમાન પદે તા. ૨૫-૯-૧૧ના રોજ ઓ.એસ.એ. કાર્યક્રમ અને રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દમણ બી.એડ્. કોલેજના પ્રા. ડૉ. ગુલાબભાઈ પટેલે આશીર્વચનો પાઠવ્યા હતા. તદ્પરાંત ભૂતપૂર્વ તાલીમાર્થીઓએ મેળવેલ સિદ્ધી બદલ ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

વી.એસ. પટેલ કોલેજ, બીલીમોરામાં 'એન.સી.સી.ડે.'ની ઉજવણી પ્રસંગે એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ ઉર્જાબચત, બ્લડ ડોનેશન, ટ્રાફિક કન્ટ્રોલ અંગેની જાગૃતિ માટે બીલીમોરા શહેરમાં રેલી કાઢી હતી. ડી.જી.વી.સી.એલ.ના જુ.એન્જીનીયર એ.કે. પટેલ દ્વારા ઉર્જા બચત અંગેની જાણકારી આપી તેના પ્રચાર માટે જરૂરી સાહિત્ય આપવામાં આવ્યા હતા જે બીલીમોરા ગામમાં નાગરિકોને વહેચવામાં આવ્યા હતા.




શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ અને કોમર્સ કોલેજ, ભેસ્તાનમાં "વિશ્વ એઈડ્સ દિન' નિમિત્તે વિશાળ એઈડ્સ જન-જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યાશ્રી, પ્રાધ્યાપક ગણ તથા તાલીમાર્થીઓ દ્વારા એઈડ્સ અંગે પ્રવર્તતી ગેરસમજો દૂર કરી જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ થયો હતો. આ ઉપરાંત બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા એઈડ્સ અંગેનું પ્રદર્શનનું કોલેજમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓ પુસ્તકો, ચિત્રો, પોસ્ટરો દ્વારા વિવિધ ભાષાઓમાં એઈડ્સ અંગેની જરૂરી સમજ આપી હતી. એઈડ્સ રેલી તથા પ્રદર્શન અંગેનું આયોજન પ્રા. વૃંદાબેન સુરતી દ્વારા કરવામાં આવ્યું હતું.



# વાચન વિશેષ

## ઈન્ટરવ્યૂ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ અને કોર્પોરેટ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ સુરતના સંયુકત ઉપક્રમે અભ્યાસ કરતાં ટી.વાય.બી.કોમ. અને એમ.કોમ. ના વિદ્યાર્થીઓ માટે જુદી જુદી કંપનીઓમાં વિવિધ જગ્યા પર કર્મચારીઓની ભરતી કરવાના હેતુથી તા. ૧૯-૧૦-૧૧ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ટરવ્યુ આપવાની પધ્ધતિ અંગે કોર્પોરેટ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ સુરત ડિવિઝનના ડિરેકટર શ્રી મનોજભાઈ દેસાઈ એ ટીપ્સ આપી હતી. કેમ્પસ ઈન્ટરવ્યુ લેવા માટે રીયા કોમ્પ્યુટર સુરત, આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, એકસીસ બેંક, એચ.ડી.એફ.સી. બેંક, વોડાફોન, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, લાઈફ ઈન્સ્યુરન્સ કમ્પનીઓ આવી હતી.

## સેમિનાર

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૦-૧૦-૧૧ના રોજ શ્રી અશોકભાઈ વ્યાસ તથા પ્રા. ભૈરવી દેસાઈનો 'સ્પોકન ઈંગ્લીશ'' વિષય પર સેમિનાર યોજાઈ ગયો. તદ્પરાંત તા. ૧૬-૧૦-૧૧ના રોજ વિદ્યાર્થીઓના વાલીઓ માટે ડૉ. શશિકાંત શાહ તથા પ્રો. નરેશ ભટ્ટે સમાજના ઉજ્જવળ ભાવિ માટે સંતાનોની યોગ્ય માવજત અને ઉછેર સંબંધિત વકતવ્યો આપ્યાં હતા. પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન તળે પ્રા. કે.આર. ભાવસારે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તદ્પરાંત કોલેજના વહીવટી સ્ટાફ માટે બી.એડ્. કોલેજ, ખરોડના પ્રા. ડૉ. ઈન્તેખાબ અનસારીએ ''કોલેજના અસરકારક સંચાલનમાં સહશૈક્ષણિક સ્ટાફની ભૂમિકા'' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પ્રસંગોચિત વિચારો પ્રસ્તુત કર્યા હતા.

ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલીમાં તા. ૪-૧૨-૧૧ના રોજ કાકરપાર અણુવિદ્યુત મથકના સહકારથી 'ન્યુકલીઅર કેમેસ્ટ્રીમાં આધુનિક વિચારધારા' વિષય પર સેમિનાર યોજાઈ ગયો. જેમાં પ્રિ. ભાવિનભાઈ નાયકે મહેમાનોને આવકારીને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. અધ્યક્ષસ્થાનેથી કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે વિજ્ઞાન અને માનવમૂલ્યોનું સમન્વય કરવા જણાવ્યું હતું. તદ્પરાંત બારડોલી પ્રદેશ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભગુભાઈ પટેલ, કાકરાપાર અણુવિદ્યુત મથકના સાઈટ ડાયરેકટરશ્રી જૈન, ભાભા અણુસંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિકો સર્વશ્રી ડૉ. પદમનાભન, ડૉ. સંગીતા જોષી, શ્રી મેહુલ પરીખે તથા ડૉ. કે.આર. દેસાઈએ ન્યુકલીઅર કેમેસ્ટ્રીના વિવિધ ઉપયોગો વિષે માહિતી આપી હતી. શ્રી રમેશભાઈ ગામીત અને શ્રી નવીનભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

## પુસ્તક પરિચય

**Dalit Studies : A Bibliographical Handbook.**
**Yagati, Chinna Rao.**
**New Delhi : Kanishka Publishers, 2003. p. 483.Rs. 910**

આ ગ્રંથમાં અનુસૂચિત જાતિઓ ઉપરના દલિત અભ્યાસો પરના વિવિધ ડોકયુમેન્ટસની એન્ટ્રીઓ દર્શાવવામાં આવેલ છે. ભારતમાં આ પ્રકારનું આ પ્રથમ પ્રકાશન છે. જેમાં ૪૦૦૦ ઉપરાંતની એન્ટ્રીઓ સમાવેશ પામે છે. આ ગ્રંથની એન્ટ્રીઓમાં પુસ્તકો અને મોનોગ્રાફસ, લેખો જે જર્નલ્સ અને સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ છે. તદ્પરાંત અપ્રકાશિત લઘુશોધનિબંધો, શોધ નિબંધો પણ સમાવેશ પામે છે. વાડમયાત્મક નિરૂપણ સિવાય આ ગ્રંથમાં પરિશિષ્ટ સ્વરૂપે મુખ્ય દલિત સમાજ ઉપર ટૂંક નોંધો પ્રસ્તુત કરવામાં આવેલ છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં દલિત સાહિત્ય અને દલિતો વિશેની વિભાવનાને ઐતિહાસિક સંદર્ભો આપીને વિસ્તૃત રીતે પ્રસ્તુત કરવામાં આવેલી છે. ગ્રંથની એન્ટ્રીઓને ગ્રંથાલયશાસ્ત્રના નિયમો અનુસાર દર્શાવવામાં આવેલ છે. જેમાં કર્તા, શીર્ષક, સ્થળ અને વર્ષનો સમાવેશ થાય છે. એન્ટ્રીની શરૂઆત પ્રલેખના કર્તાથી શરૂ કરવામાં આવેલ છે.

ગ્રંથમાં પરિશિષ્ટ સ્વરૂપે કર્તા સૂચિ અને વિષય સૂચિ પણ આપવામાં આવેલ છે. જે ઉપયોગકર્તાને ઘણી જ ઉપયોગી સાબિત થાય છે. દલિત સાહિત્ય પર સંશોધન કરતા સંશોધકો માટે આ વિષયમાં થયેલા સંશોધનો અને અન્ય પ્રલેખની માહિતી મેળવવા માટે મૂલ્યવાન ગ્રંથ બની રહયો છે. સંશોધનના સાહિત્ય સર્વે માટે ઉપયોગી છે.

આ ગ્રંથ દલિત સાહિત્ય પર સંશોધન કરવા ઈચ્છતા સંશોધકો અને સોશ્યલ સાયન્ટીસ્ટો માટે ઉત્તમ સંદર્ભ સ્ત્રોત સમાન છે.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા, તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી. ઈ-મેઈલ : lib.vnsgu@gmail.com

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com